**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : આરતી ભટ્ટ**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 20-08-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

-----------------------------------------------------------

## જન પોષણ કેન્દ્ર-પાયલોટ પ્રોજેક્ટ

દેશના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ દ્વારા વાજબી ભાવની દુકાનોને “જન પોષણ કેન્દ્ર”માં પરિવર્તિત કરવા માટે એક પાયલોટ પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોજેકટ અંતર્ગત ગુજરાત રાજ્યમાં અમદાવાદ શહેરની કુલ ૧૫ સરકાર માન્ય વાજબી ભાવની દુકાનોને “જન પોષણ કેન્દ્ર”માં પરિવર્તિત કરવામાં આવી છે, જેનું ઉદ્ઘાટન આજે સવારે સાબરમતીની વાજબી ભાવની દુકાન ખાતે કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી વર્ચ્યુઅલ માધ્યમથી કરશે.

**RNU વેબસાઇટ**

-----------------------------------------------------------

## શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક એવોર્ડ

રાજ્ય સરકાર 28 શિક્ષકને “શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક એવોર્ડ 2024”થી સન્માનિત કરશે તેમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

આ યોજના અંતર્ગત આ વર્ષે રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગનાં ત્રણ એચ ટાટ એટલે કે, મુખ્યશિક્ષક, પ્રાથમિક વિભાગના 14 શિક્ષક, માધ્યમિક શિક્ષણ વિભાગના 6, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના 4 આચાર્ય તેમ જ એક BRC સહ-સંયોજક એમ મળીને કુલ 28 શિક્ષકને ‘શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક એવોર્ડથી સન્માનિત કરાશે.

**RNU વેબસાઇટ**

---

## કચ્છના આચાર્ય-શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ પસંદગી

**જિલ્લાના માંડવી ખાતે આવેલ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયના આચાર્યા હંસાબેન પંડ્યાની માધ્યમિક ઉચ્ચ માધ્યમિક આચાર્યના રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડ માટે પસંદગી કરવામાં આવતા ટ્રસ્ટ દ્વારા અભિનંદન સાથે ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.**

**N.P./ આરતી ભટ્ટ**

---

## જિલ્લામાં ઉકળાટનો માહોલ

કચ્છમાં વાદળ છાયું દૂર થતાં સૂર્ય નારાયણના દર્શન થયા હતા તેની સાથે તાપમાનમાં બે ડિગ્રી જેટલો વધારો થતાં ગરમી અનુભવાઇ હતી.

રાજ્યમાં સૌથી વધુ મહત્તમ ઉષ્ણતામાન કંડલા એરપોર્ટ મથકે 36 ડિગ્રી નોંધાયું હતું તો ભુજમાં 35 ડિગ્રી રહ્યું હતું. નલિયામાં 32.8 જ્યારે કંડલા પોર્ટ પર 33.5 ડિગ્રી નોંધાયું હતું. જિલ્લામાં રાત્રિનું તાપમાન 25થી 27 ડિગ્રી વચ્ચે રહ્યું હતું. જો કે, શનિવાર સુધી કચ્છમાં છૂટા છવાયા સ્થળે હળવો વરસાદ વરસશે તેવી સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

**N.P./ આરતી ભટ્ટ**

---

## કચ્છ યુનિવર્સિટી-વિવિધ કોર્ષ

કચ્છ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થી હિતમાં વિવિધ કોર્સ શરૂ કરવામાં આવે છે તે અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષથી ડિપ્લોમા ઇન યોગ અને નેચરોપેથી કોર્સ ચાલી રહ્યો છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં સતત ચોથા વર્ષે આ રેગ્યુલર કોર્સમાં ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ છે.રસ ધરાવતા વિદ્યાર્થીઓ 31 ઓગસ્ટ સુધી ફોર્મ ભરી શકશે.

**N.P./ આરતી ભટ્ટ**

---

## વરસાદની સંભાવના

આગામી સાત દિવસ ગુજરાતમાં હળવા વરસાદી ઝાપટાં વરસવાની અને આજથી દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓના ભારે વરસાદની અમદાવાદ હવામાન વિભાગે આગાહી કરી છે.

ઉપરાંત આગામી 24 કલાક બાદ, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા-નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું હોવાની માહિતી હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે આપી હતી.

**N.P./ આરતી ભટ્ટ**

---

## શારીરિક દિવ્યાગો માટે નિ:શુલ્ક કેમ્પ

જિલ્લામાં ભુજ ખાતે લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ-ભુજ તથા હેલ્થકેર ફાઉન્ડેશન ટ્રસ્ટ-અમદાવાદ તથા અન્ય સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે દિવ્યાંગ મુક્ત ભારત અભિયાન અંતર્ગત શારીરિક દિવ્યાંગો માટે કૃત્રિમ હાથ-પગ, કેલીપર્સ અને મોલ્ડેડ બુટ માટે નિ:શુલ્ક કેમ્પનું આયોજન આગામી દિવસોમાં કરવામાં આવી રહ્યું છે. જિલ્લાના દિવ્યાંગજનો આ કેમ્પમાં જોડાવા સંસ્થાના હેલ્પલાઇન નં.94280 33733 અને 95373 30767 પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. એમ સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

**N.P./ આરતી ભટ્ટ**

---

## મોટા યક્ષના મેળાની તારીખ

નખત્રાણા તાલુકાનો મીની તરણેતર સમો મોટા યક્ષનો લોકમેળો આગામી તા.22થી 25 સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. આ ચાર દિવસીય મેળાના આયોજનમાં ગ્રામજનો, ગ્રામ પંચાયત અને વહીવટી તંત્ર સહયોગ આપશે.

લોકમેળામાં મનોરંજન, ખાણીપીણી સહિતના 700 જેટલા સ્ટોલ ઊભા કરાશે. તો સંતવાણી, બખમલાખડા સહિતના કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે.

**N.P./ આરતી ભટ્ટ**

---